૪૦૧/૬,૮૭૮

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

## વિભાગ-૧ : નીલકંઠ ચરિત્ર - પંદરમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૭

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''અહીં જોગીજતિને રહેવાનું કોઈ સ્થાન છે ?'' (૪૦)
૨. ''હું કેટલા વખતથી તેમની રાહ જોતો હતો.'' (૧૦૩)
૩. ''બાળક થઈ બ્રહ્માંડને બાથ ભરે છે.'' (૬૪)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. બુધેજ ગામમાં સૌને થયું નક્કી એ ભગવાન જ હતા. (૭૨)
૨. શિયાળામાં બદરીનાથની ચલમૂર્તિને જોષીમઠમાં પધરાવાય છે. (૧૩)
૩. લાલજી સુથાર હોંશે હોંશે લોજપુરની વાટે ચાલ્યા. (૧૦૧)

**પ્ર.૩** ''મહાદત્ત રાજાના મહેલમાં'' (૨૮) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. લોજ ગામની છોકરીઓ શા માટે ડરીને પાછી વળતી ? (૯૫)
૨. ધવલગિરિ અને શ્યામગિરિની ખીણમાં નીલકંઠવર્ણી પાસે કોણ આવ્યું ? (૨૩)
૩. નીલકંઠવર્ણીએ રણબહાદુરને રોગ કેવી રીતે સહન કરવા સમજાવ્યું ? (૩૨)
૪. નૈમિષારણ્યનો શો મહિમા છે ? (૬)
૫. રથયાત્રા ઉત્સવમાં પુરીના રાજા અને લોકોએ શું કર્યું ? (૪૯)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નીલકંઠવર્ણીના ડાબા ચરણમાં કયા કયા ચિહ્નો હતાં ? (૬૦)
(૧) ☐ જાંબુ (૨) ☐ કળશ
(૩) ☐ મીન (૪) ☐ કેતુ

૨. વનવિચરણ દરમ્યાન કયા કયા દેવો નીલકંઠવર્ણીનાં દર્શને આવ્યા હતા ? (૨, ૨૫, ૬૩)
(૧) ☐ સૂર્ય (૨) ☐ હનુમાનજી
(૩) ☐ ઈન્દ્ર (૪) ☐ શિવજી

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'દીવાલમાં છિદ્ર છે તે ...................... માં પણ છિદ્ર પડાવશે.' (૯૩)
૨. મોહનદાસને ...................... માં મોહ હતો. (૨૭)
૩. ........................... મુકુંદદેવના દીકરા સાથેનું સગપણ તોડી નાખ્યું. (૫૩)
૪. યોગીઓ રોજ .............................. માંથી જુદી જુદી વસ્તુઓ કાઢી નીલકંઠવર્ણીને જમાડતા. (૨૨)

## વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - દસમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''રિસાઈને ભક્તિ કરે તે સારું નહિ અને તે ભક્તિ-પ્રેમ અંતે નભે પણ નહિ.'' (૨૫)
૨. ''તેજસ્વી તો એટલા બધા કે આપણને નિશ્ચય ભગવાન લાગે.'' (૩૩)
૩. ''મારી મનની આ ભાંજગડ તમારે દૂર કરવાની છે.'' (૨)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. જોબનપગીને જોઈને કશિયાભાઈને આશ્ચર્ય થયું. (૩૬)
૨. શાસ્ત્રીજી મહારાજ આશાભાઈને ભેટ્યા. (૫૮)

**પ્ર.૯** ''ઝીણાભાઈનું આધ્યાત્મિક જીવન'' (૨૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ઝીણાભાઈએ પુત્ર હઠીસિંહની ભલામણ શ્રીજીમહારાજને કેમ ન કરી ? (૨૯)

૨. પ્રભુએ લાલુબાને શું આપ્યું ? (૧)

૩. શ્રીજીમહારાજ ડભાણના કોને-કોને વખાણતા ? (૨૦)

૪. જીવુબાએ સાસુ રાઈબાને કઈ વિનંતી કરી ? (૪૦)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષયના સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી (૧૩)**

**૧.** શ્રીજીમહારાજે એમને બંને ચરણારવિંદમાં સોળ દિવ્ય ચિહ્નો દેખાડ્યાં. **૨.** દેવાનંદ સ્વામીનાં કીર્તનો સાંભળીને દલપતરામ એમના શિષ્ય બન્યા. **૩.** જોડ્યા ગાડાની ધૂંસરીએ બેઠા બેઠા દૂધ અને થૂલી શ્રીજીમહારાજ આરોગવા લાગ્યા. **૪.** સં. ૧૯૨૫ના માગશર વદ પાંચમના રોજ વરતાલમાં એમણે દેહ છોડ્યો. **૫.** શ્રીજીમહારાજે એમને સંન્યાસી દીક્ષા આપી 'દંડી દેવાનંદ સ્વામી' નામ પાડ્યું. **૬.** પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરેની સાથે દેવાનંદ સ્વામી પણ શ્રીજીમહારાજના અષ્ટકવિઓની મંડળીમાં શોભવા લાગ્યા. **૭.** તેમનો જન્મ શિરોહી તાલુકાના ખાણ ગામમાં થયો હતો. **૮.** દેવીદાનજીને શિવજીએ સાક્ષાત્ દર્શન દઈને વરદાન આપ્યું. **૯.** બ્રહ્માનંદ સ્વામી પાસે રહીને પિંગળશાસ્ત્ર અને ગાયકી શીખવા લાગ્યા. **૧૦.** તેમનાં કીર્તનો સાંભળી શ્રીજીમહારાજે વચનામૃત લોયા ૫માં તેમના વખાણ કર્યા. **૧૧.** બ્રહ્માનંદ સ્વામીના અક્ષરવાસ પછી દેવાનંદ સ્વામી મૂળી મંદિરના મહંત પદે નિમાયા. **૧૨.** અભ્યાસ બાદ ભૂજમાં ગ્રંથની રચના કરી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**તમામ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્. બ્રહ્માનંદ સ્વામી :** લાડુદાનજીએ વતન પાછા ફરતાં રસ્તામાં નાગડકામાં વિપ્ર શંકરાચાર્ય પાસે પિંગળશાસ્ત્ર અને સંગીતની શિક્ષા લીધી. (૧)

૨. **સદ્. દેવાનંદ સ્વામી :** ઈ. સ. ૧૮૧૦ના આષાઢ સુદ ૧૦ને દિવસે દેવાનંદ સ્વામીએ એક મોચી ભક્તને કહ્યું, 'હું કાલે ધામમાં જવાનો છું ને મારે માટે રથ તૈયાર રાખજે.' (૧૩)

૩. **સ્વામી નિર્ગુણદાસજી :** જેઠાભાઈ સં. ૧૮૫૬ના શ્રાવણ માસમાં નાવમાં બેસી મહુવા ભગતજીનાં દર્શને ગયા. સાથે વડોદરાના મહાશંકરભાઈ દવેના પુત્ર મગનભાઈ હતા. (૪૩)

૪. **સદ્. શુકાનંદ સ્વામી :** આ મહાન સંતવર્યની શ્રીજીમહારાજે હરિલીલામૃત પંચાળા પ્રકરણ સાતમાં પ્રશંસા કરતાં કહ્યું, 'આ શુકમુનિ બહુ મોટા સાધુ છે..... એ તો સ્વરૂપાનંદ સ્વામી જેવા છે.' (૨૨)

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. આધુનિક મૅનેજમેન્ટ, આધ્યાત્મિકતા અને શાસ્ત્રીજી મહારાજ.

૨. દિવ્ય મુખારવિંદ : ભગવાન શ્રી સ્વામિનારાયણનું.

૩. ''તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો''

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.**